**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૨ ટકા

# શહેરના મુકિતધામમાં અમદાવાદના મૃતદેહ અગ્નિસંસ્કાર માટે આવે છે

ગાંધીનગર, તા. ૧૦

સમગ્ર દેશમાં કોરોના વાયરસે કોહરામ મચાવ્યો છે. ત્યારે રાજયમાં પણ કોરોનાના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કોરોનાએ માઝા મુકતા અમદાવાદમાં કોવીડના દર્દીઓ વધી રહ્યા છે. જયારે કોરોનાને પગલે દર્દીઓએ જીવ ગુમાવવાનો વારો પણ આવ્યો છે. જેથી અન્ય બિમારીઓથી લઈને કોરોના બિમારીથી મૃત્યુ પામેલી બોડીની અંતિમક્રિયા માટે અમદાવાદ અંતિમધામમાં જગ્યા નથી. ત્યારે અગ્નિ સંસ્કાર માટે મૃતદેહ વધી જતા કલાકો સુધી સ્માશન ખાતે પણ લાઈનમાં ઉભા રહેવુ પડે છે. જેને પગલે કેટલાક નાગરીકો મૃતદેહને લઈ અગ્નિ સંસ્કાર માટે ગાંધીનગર મુકિતધામ આવે છે. કોવીડ મૃતદેહ લઈને સવારે વહેલા કે રાત્રીના સુમારે લાવી સીએનજી ભઠ્ઠીમાં અંતિમ સંસ્કાર કરાય છે

મળતી માહિતી મુજબ શહેરના મુક્તિધામ ખાતે અત્યાર સુધીમાં ૨૪ કોવીડ મૃત દર્દીના સીએનજી સગડીમાં અંતિમ સંસ્કાર કરાયા છે. જેમાં કોવીડ દર્દીના ૧૦ મૃતદેહ અમદાવાદથી ગાંધીનગર મુક્તિધામ અંતિમક્રિયા માટે આવ્યા હતા. જયારે કોવીડ દર્દીઓથી અમદાવાદની હોસ્પિટલ પણ ઉભરાય છે તેવી જ રીતે અંતિમધામ પણ કોરોના મૃતદેહોને લઈ ભીડ જોવા મળી રહી છે. ગાંધીનગર મુકિતધામ ખાતે અમદાવાદથી રોજ બે જેટલા મૃતદેહ અંતિમ ક્રિયા માટે આવી રહ્યા છે. અમદાવાદના મુકિતધામ માં જગ્યા નહી હોવાથી અને કલાકો સુધી બેસી રહેવાને સ્થાને ગાંધીનગર મુકિતધામ ખાતે અગ્નિસંસ્કાર માટે મૃતદેહ આવી રહ્યા છે. ત્યારે કોરોના વાયરસને પગલે સ્મશાન ખાતે ડાઘુઓની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.





## કેમ્બે હોટલના કર્મચારીઓનો પગાર મુદે હોબાળો



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના ''ક''માર્ગ પર આવેલી કેમ્બે હોટલના કર્મચારીઓએ છેલ્લા ૬ માસથી પગારથી વંચિત રહ્યા છે. જેથી કર્મચારીઓએ બુધવારના રોજ સવારે હડતાળ પાડી હતી. હોટલના મેનેજમેન્ટ દ્વારા લોકડાઉન પહેલાથી કર્મચારીઓને પગાર આપવામાં આવ્યો નથી. હોટલ મેનેજમેન્ટ પગાર અંગે બહાનાબાજી કરતા ૨૦૦થી વધુ કર્મચારીઓએ હોટલ પાસે હોબાળો મચાવ્યો હતો. તેમ છતા હોટલ મેનેજમેન્ટના પેટનું પાણી હલ્યું ન હતું અને કર્મચારીઓને પગાર આપવા અંગે સ્પષ્ટ ના પાડી દીધી હતી.

કોરોના મહામારીને લઈ લોકડાઉનની સ્થિતિ સર્જાઈ હતી. લોકડાઉનને પગલે સામાન્ય નાગરીકોની હાલત કફોડી બની જવા પામી હતી. સરકાર દ્વારા પ્રારંભિક તબક્કામાં કર્મચારીઓને પગાર આપવાની વાત કરી હતી. ત્યારે નજીવા વેતનમાં કામ કરતા કર્મચારીઓને લોકડાઉનના સમયગાળામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે લોકડાઉન પહેલાથીજ કોઈ કર્મચારીને પગાર ના મળે તો તેની હાલત કેવી થઈ હશે તે વિચાર માત્ર ધ્રુજાવી જાય છે. ત્યારે મળતી માહિતી મુજબ સેકટર-૨૫ ખાતે આવેલી કેમ્બે હોટલના કર્મચારીઓનો જાન્યુઆરી-૨૦ થી પગાર મેનેજમેન્ટ દ્વારા ચુકવાયો નથી. જેનો પગલે ૨૦૦ થી વધુ કર્મચારીઓ હડતાળ પર ઉતરી જઈને હોબાળો મચાવ્યો હતો. જયારે હોટલના ફરજ બજાવતા એક કર્મચારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે કેમ્બે હોટલના કર્મચારીઓને જાન્યુઆરી માસથી પગાર આપવામાં આવ્યો નથી. જેથી અનેકવાર મેનેજમેન્ટ કક્ષાએ રજુઆત કરવામાં આવી હતી. પરંતુ અમારી રજુઆતને ધ્યાને લેવાતી ન હતી. તે ઉપરાંત અમોને ''પગાર મળશે નહી અને થાય તે કરી લો'' એમ કહેવામાં આવી રહ્યું છે. લોકડાઉન દરમિયાન હોટલને એકપણ રૂપીયાની કમાણી થઈ નથી,જેથી તેમને પગાર મળશે નહી અને અન્ય જગ્યાએ કામ શોધી નોકરી શરુ કરો. જેને પગલે કર્મચારીઓ હડતાળ પર ઉતરી ગયા હતા અને જયાં સુધી અગાઉનો પગાર નહી મળશે નહી ત્યાં સુધી હડતાળ શરુ રહેશે.

## એક દિવસ એવો આવશે, તમારો પડછાયો પણ તમને છોડી જશે

ગાંધીનગર, તા.૧૦

'વકત ઈન્સાન પે ઐસા ભી કભી આતા હૈ,
રાહ મેં છોડ કે સાયા ભી ચલા જાતા હૈ'.

જો તમે એવા ગુમાનમાં રાચતા હોવ કે જીવનમાં તમને કોઈ સાથ આપે કે ના આપે પરંતુ તમારો પડછાયો હંમેશા તમારી સાથે હોય છે તો તમારી આ માન્યતા તદન ભૂલ ભરેલી છે. જી હાં, આ બ્રહ્માંડ અનેક આશ્ચર્યોથી ભરેલું છે અને આગામી તા. ૩૦મી જુને એક એવી ખગોળીય ઘટના ગાંધીનગર-અમદાવાદ વિસ્તારમાં સર્જાશે જેમાં કેટલાંક સમય માટે તમારો પડછાયો પણ તમારો સાથ છોડીને અદશ્ય થઈ જશે.

આગામી તા. ૩૦મી જૂને બપોરે ૧૨.૪૩ કલાકે એવી ઘટના સર્જાશે કે તે સમયે તમારો પોતાનો પડછાયો પણ તમને દેખાશે નહીં. આ એક ખગોળીય ઘટના છે જેમાં સૂર્ય નિર્ધારિત સમયે આકાશમાં એવી જગ્યાએ આવી જાય છે કે તે સમયે તેના કિરણો તદન સીધી દિશામાં દરેક પર પડે છે જેથી તે વ્યકિત હોય કે વસ્તુ તેનો પડછાયો દેખાતો બંધ થઈ જાય છે. આ પ્રકારની ઘટના ખગોળ વિજ્ઞાનમાં પહેલાં પણ બની ચુકી છે. બાળકો માટે આ ઘટના રોમાંચ સાથે જ્ઞાન આપનારી બની રહેશે.




ગાંધીનગરમાં બેંકો અને સરકારી કચેરીઓ રાબેતા મુજબ શરૂ થઈ ચુકી છે. કોરોનાની મહામારી વચ્ચે શરૂ થયેલી બેંકોમાં ગ્રાહકોની ભીડ વધી રહી છે. જો કે અહીં સોશ્યલ ડીસ્ટન્સ જળવાતું નથી. બેંક ઓફ બરોડાની શાખામાં ગ્રાહકો કયાંય સામાજિક અંતરનું પાલન કરતા હોય તેવું જોવા મળતું નથી.





શહેરના ઘ માર્ગ પર ૬-૭ કટ પાસે ૧૨ વાગ્યાના અરસામાં અચાનક એકટીવામાં આગ લાગી હતી. એકટીવામાં આગ લાગતા ચાલક ત્યાં મુકીને સાઈડમાં થઈ ગયા હતા. આગને પગલે થોડીવાર માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો. જયારે આગની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલીક ટીમના માણસો દોડી જઈને આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ આગમાં એકટીવા સંપૂર્ણ બળીને ખાક થઈ ગયું હતું. પરંતુ આગ કયા કારણોસર લાગી તે અંગે ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

## ફાઈબર ઓપ્ટીકલ જાળ બીછાવતા પૂર્વે સર્વે કામગીરી



ગાંધીનગરના રાજમાર્ગો પર અત્યારે સર્વે અને સંશોધન ચાલી રહ્યું છે જે અંતર્ગત ખાનગી નેટવર્કીંગ કંપની દ્વારા ફાઈબર ઓપ્ટીકલની જાળ બિછાવવામાં આવનાર છે. રાજય સરકાર દ્વારા અનલોક-૧ પછી ધંધા-રોજગાર ચાલુ કરીને અર્થતંત્રની ગાડી પાટે ચડાવવા પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે ખાનગી કંપની દ્વારા હાલ બીજી કઈ કઈ અનો કેટલી લાઈનો પસાર થઈ રહી છે તેનો તાળો મેળવવા આધુનિક ટેકનોલોજીના મશીનો કામે લગાડીને અભ્યાસ કરવામાં આવી રહ્યો છે


## પીડીપીયુના લિબરલ સ્ટડીઝ સ્ટુડન્ટે નૃત્યનાટિકા દ્વારા રચ્યો શોધગ્રંથ

ગાંધીનગર, તા. ૧૦

પીડીપીયુની સ્કુલ ઓફ લિબરલ સ્ટડીઝની વિદ્યાર્થીની કાવ્યશ્રી દાસગુપ્તા દ્વારા પ્રો. નિગમ દવેના માર્ગદર્શન હેઠળ નૂતન પ્રયોગ કરીને સ્નાતક શોધનિબંધને નૃત્યનાટિકા દ્વારા પ્રસ્તુત કરાયો.

શોધનિબંધને લેખિત સ્વરૂપ ઉપરાંત બીજા માધ્યમમાં અસરકારક રીતે રજૂ કરવાના હેતુથી સંશોધક અને પ્રાધ્યાપકે નૃત્યનાટિકાનું માધ્યમ પસંદ કર્યું. સુપ્રસિદ્ધ ભારતીય સર્જક ગિરીશ કાર્નાડના નાટક 'નાગમંડલ'માં આલેખાયેલા નારીજીવનના પ્રશ્નો અને સમસ્યાઓના વિષય પર સંશોધન કરતી વખતે આ શોધછાત્રાને આ સંશોધન દરમ્યાન ઉપલબ્ધ થયેલા તારણો અને નિરીક્ષણોની સચોટ રજૂઆત માટે શબ્દનું માધ્યમ અપર્યાપ્ત લાગ્યું. નાટક શબ્દ 'નૃત' પરથી આવે છે જેનો અર્થ છે 'નૃત્ય કરવું'. શોધછાત્રા કાવ્યા શ્રીને પોતાના શોધવિષયની સટીક રજૂઆત માટે નૃત્યનું માધ્યમ અનુકૂળ લાગ્યું.

લોકડાઉનના સમયમાં શોધનિબંધને નૃત્યથી પ્રસ્તુત કરવું અઘરું હતું કારણકે મૂળ સ્વરૂપમાં 'નાગમંડલ' નાટક છે અને તેને નૃત્યમાં ઢાળી સંશોધન નિબંધના સ્વરૂપને પણ ન્યાય આપવાનો હતો. ઉપરાંત આ ફકત એકલ પ્રસ્તુતિ (સોલો પરફોર્મન્સ)હોવાથી અને લોકડાઉન હોવાથી વૃંદગાન, નટસમૂહ કે અન્ય ઉપકરણનો ઉપયોગ સંભવ ન હતો પણ તેથી આ પ્રસ્તુતિ માટે વીડિયો રેર્કોડિંગ અને દશ્યશ્રાવ્ય કલા સાથે



સંગીતનો ઉપયોગ કરીને આખી નૃત્યનાટિકા ધ્વનિમુદ્રિત કરાઈ છે.

આ અભૂતપૂર્વ પ્રયોગ વિશે માહિતી આપતા શોધછાત્રા કાવ્યશ્રીએ જણાવ્યું હતું કે ''મારું લાંબા સમયથી સ્વપ્ન હતું કે મારું ડીઝર્ટેશન મારા સંશોધન અને સમર્પણભાવનાને અભિવ્યક્ત કરે. મને આનંદ છે કે હું માત્ર લેખનને પરફોરમન્સમાં ઢાળી નથી રહી પણ નાટકને પણ નૃત્યમાં પ્રસ્તુત કરી શકી.છું''

પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ડાયરેકટર પ્રો. નિગમ દવેએ આ પ્રયોગની સફળતા અને ઉપયોગિતા અને વધુ પ્રકાશ પાડતા ઉમેર્યુ હતું કે ''સાહિત્યના સંશોધન લખાણ ઉપરાંત બીજા કલાના માધ્યમથી પ્રસ્તુત કરવાથી તેનો સાચો હેતુ સમજી શકાય છે અને સર્વ કલાના સંયોજનથી વિદ્યાર્થીઓને વધુ રચનાત્મક અને સર્જનશીલ બનાવી શકાય છે. બાકીના વિદ્યાર્થીની જેમ કાવ્યશ્રી પણ પોતાના શોધનિબંધ તથા નૃત્યને ઓનલાઈન રજુ કરશે.

## કોરોના વોરિયર્સ પ્રેસ-મિડીયા કર્મીઓ માટે આર્ટ ઓફ લિવિંગનો ઓનલાઈન હેપ્પીનેસ પ્રોગ્રામ

ગાંધીનગર, તા.૧૦

કોરોના મહામારી સામે લડવા શરીરમાં સારી રોગપ્રતિકારક શકિત હોવી જરુરી છે અને રોગ પ્રતિકારક શકિત વધારવામાં પૌષ્ટિક આહાર સાથે યોગ-પ્રાણાયામ-વ્યાયામ પણ ઘણે અંશે મદદરુપ થાય છે તેવું ભારત સરકારના આયુષ મંત્રાલયનું પણ માનવુ છે. આ કારણથી આયુષ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકામાં તેનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. ભારતમાં આર્ટ ઓફ લિવિંગ યોગ-પ્રાણાયામ-ધ્યાન ક્ષેત્રે કાર્યરત પ્રતિષ્ઠિત સંસ્થા છે જેના દ્વારા કોરોના મહામારીમાં કોરોના વોરિયર્સ તરીકે સેવા આપનાર પ્રેસ મિડીયાકર્મીઓ તેમજ તેમના પરિવારજનો માટે આર્ટ ઓફ લિવિંગ પ્રચલિત કોર્સ 'હેપ્પીનેસ પ્રોગ્રામ'નું નિઃશુલ્ક ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૧૭મી જુથી ૧૯મી જુન દરમિયાન ત્રણ દિવસ માટે સવારે ૭.૩૦ થી ૯.૩૦ અથવા બપોરે ૨.૩૦ થી ૪.૩૦ દરમિયાન ચલાવાશે. આ હેપ્પીનેસ પ્રોગ્રામમાં સામેલ થવા ઈચ્છતા પ્રેસ-મિડીયા કર્મીઓએ કુલદીપ લહેરીનો સંપર્ક સાધવા જણાવાયું છે. આ કાર્યક્રમમાં મર્યાદિત બેઠકો જ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે.

### ચિરવિદાય

- સ્વ. ડાભી રમતુસિંહ ભૂપતસિંહ, ઉ.વ. ૬૯, જીવાજીના મુવાડા, દહેગામ
- સ્વ. કમલાબેન છગનજી ઠાકોર, ઉ.વ. ૭૦-સાબરમતી, અમદાવાદ
- સ્વ. વ્યાસ વાડીલાલ હિરાલાલ, ઉ.વ. ૬૩, ગામ-પાલજ
- સ્વ. શાહ કીર્તિકુમાર વ્રજલાલ, ઉ.વ. ૬૨, મણીનગર-અમદાવાદ
- સ્વ. વિષ્ણુભાઈ બળદેવભાઈ, ઉ.વ. ૫૨, મુ. મુબારકપુર

# શહેરમાં લોકડાઉન બાદ નેટ ડાઉન

## જીટીપીએલ બ્રોડબેન્ડ સાથે વોડાફોન અને એરટેલના નેટવર્ક ઈશ્યુથી નગરજનોને ભારે હાલાકી

ગાંધીનગર, તા.૧૦

નગરમાં દર છ મહિને મોબાઈલ નેટવર્ક બાબતે થતી તકલીફની ફરિયાદ આવતી રહેતી હોય છે. પરંતુ તે થોડા દિવસોમાં સોલ્વ પણ થઈ જતી હોય છે. હાલના દિવસોમાં મોબાઈલ ઈન્ટરનેટ સિવાય બ્રોડબેન્ડ પણ ચલણમાં છે. હવે પહેલા તો મોટી મોટી સ્કીમો આપીને ગ્રાહકને ભરમાવીને ઈન્ટરનેટ કનેકશન બાબતે સમજાવવામાં આવે છે. અને ત્યારબાદ એક વખત ઈન્ટરનેટ પેક ગ્રાહક ખરીદી લે ત્યારબાદ એજન્ટ કંપનીનો વાંક કાઢે છે અને કંપની તરફથી કોઈ પણ આલતું ફાલતુ માણસને મોકલીને ગ્રાહકને બે દિવસમાં ઈન્ટરનેટ સ્પીડ સરખી થઈ જશે તમારા ઘરમાં નેટવર્કનો પ્રોબ્લેમ છે અને તમારા ઘરની આસપાસ નેટવર્ક પ્રોબ્લેમ રહેશે જ અમે આમાં કંઈ ના કરી શકીએ અથવા તો મેઈન કનેકશન પોઈન્ટમાં સમારકામ ચાલુ છે તેમ કહીને ગ્રાહકોને ઉલ્લુ બનાવવામાં આવી રહ્યા છે. આ બાબતમાં જીટીપીએલ બ્રોડબેન્ડ કંપની મોખરે છે. ગ્રાહક વારંવાર ફરિયાદ કરે છતાં પણ માંડ માંડ ફરિયાદ નોંધાય તો જાય છે પરંતુ પંદર - પંદર દિવસ સુધી કોઈ જોવા પણ નથી આવતુ. લોકડાઉન હતું ત્યારે તો વાંધો નહોતો પરંતુ હવે કંપની દ્વારા આ નેટવર્ક ના આવવાના બહાના કેમ બતાવવામાં આવે છે તે વિશે નગરજનો પ્રશ્ન કરી રહ્યા છે. અમુક વાર તો એવું પણ થાય છે કે, આડોશ-પાડોશમાં રહેનાર બે ઘરમાંથી એક ઘરમાં સંપૂર્ણ ઈન્ટરનેટ સ્પીડ આવતી હોય અને બીજા ઘરમાં નેટવર્ક ડૂલ હોય અથવા તો સાવ લો સ્પીડ સાથે ઈન્ટરનેટ ચાલતું હોય જે કાચબા કરતાં પણ વધુ ધીમુ હોય છે.

હવે મોબાઈલ નેટવર્કનું તો કહેવું જ શું? એક ગ્રાહક જયારે બીજા ગ્રાહકને ફોન કરતો હોય ત્યારે ત્રણથી ચાર વખત ફોન કરે ત્યારે સામેવાળાને પોતાના ફોનમાંથી આવી જ રીતે ફોન ઉપાડવા વાળા ને સામેવાળો ફોન કરે ત્યારે અચાનક એક જ રીંગ



ફોન કનેકટ થાય છે. અને તેમાંય રીંગ વાગી કે નહીં તેની કોઈ ગેરંટી જ નથી. અને માં ફોન કટ થઈ જાય છે અને પાછું આ ચક્ર ચાલતું ને ચાલતું જ રહે છે. ત્રણથી ચાર મિનિટ બાદ એક ફોન કનેક્ટ થાય છે આ મુખ્ય ઈશ્યુ વોડાફોન અને એરટેલ કંપનીના સીમ કાર્ડ ધરાવતા ગ્રાહકોને વેઠવો પડી રહ્યો છે. નગરના અમુકને તો ડ્યુઅલ સિમ ફોનમાં આ બંને જ કંપનીના કાર્ડ છે એટલે તેમના પાસે તો કોઈ ઓપ્શાન જ બચતો નથી. હવે કસ્ટમર કેરમાં ઘરે બેઠા કોન્ટેક થઈ શકતો નથી અને કોરોનાને લીધે પોતાના ઘરની નજીકના કસ્ટમર કેર સેન્ટર માં જતા દરેક ડરે છે. આમ પણ હાલ જ અનલૉક ૧ શરૂ થતા જ નગર સ્થિત વિવિધ મોબાઈલ નેટવર્ક કંપનીમાં કસ્ટમર કેર સેન્ટરની બહાર પણ લાંબી લાઈન જોવા મળે છે. નાછૂટકે જો કસ્ટમર કેર સેન્ટરની મુલાકાત લેવા જવું પડે તો પણ અમુક નગરજનો તો ત્યાંની લાઈન જોઈને જ ઘર તરફ પાછા વળી જાય છે. આમ તો કહેવાય છે કે કોઈપણ કાર્ય એકલા કરવું તેને કરતા કોઈને સાથે લઈ ને ચાલીએ તો તે કામ ઝડપી અને સરળ બને છે પરંતુ વોડાફોન કંપની સાથે આઈડિયા મર્જ થતા લાગી રહ્યું છે કે કંપનીની કાર્યક્ષમતામાં ઘટાડો થઈ ગયો છે. અને આવી જ રીતે એરટેલ કંપનીના ગ્રાહકોને પણ ઘરની અંદર નેટવર્ક ન આપવાની સૌથી મોટી ફરિયાદ છે. આજના ઝડપી યુગમાં અને જયારે દેશના મોટાભાગના નાગરિકો મોબાઈલ અને ઈન્ટરનેટ સાથે જોડાઈ ગયા છે ત્યારે બ્રોડબેન્ડ હોય કે પછી મોબાઈલ નેટવર્ક હોય એ બન્નેમાંથી કોઈ પણ સાથ ના આપે તો તેમને હતાશાનો અનુભવ થાય છે. આ ઉપરાંત અમુક જરૂરી કામ પણ ફોન દ્વારા થતા હોવાથી ફોન કે ઈન્ટરનેટ નેટવર્કના અભાવ ને લીધે દરેક કામ અટકી જાય છે. હવે જોવું રહ્યું કે લોકડાઉન પુરું થવાની જેમ લાંબી રાહ જોવી પડી તેમ નેટડાઉન પુરું થવા માટે લાંબા સમય સુધી રાહ તો નહિ જોવી પડે ને?